ગાંધીનગર સમાચાર





**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*ગાયો જુદા રાજ્યોમાં જુદા કાયદાનું સાંભરે છે,*
*ને ચૂંટણી થવાની છે ત્યાં સીફ્ટ થવા ભાંભરે છે,*
*ઉભરે દંભી પ્રેમ ભાજપનો સમય-સંજોગો -*
*જ્યાં જેવી વસતિ ત્યાં તેવી ભાષામાં જ ગાંગરે છે*
*(ગાયોની દ્વિધાપૂર્ણ વિચારણા)*

**હાઈકુ**

*ખરીદી લ્યો ને!*
*નકલી મોટી નોટો -*
*અર્ધા ભાવમાં...*
*(છાપવાનું ખર્ચ બચસે)*

*ભરો પગારે -*
*આપણાં તરભાણાં -*
*મરે છો પ્રજા...*
*(ત્રણ ગણા પગારવધારા)*

### ચિંતન

**ન પુરુષાર્થી સિંચતિ શુષ્કતરુમ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પુરુષાર્થી પુરુષ સુકાયેલા વૃક્ષને જળ સિંચન નથી કરતો.

જેમ સુકાયેલા વૃક્ષને પાણી સિંચવાથી ફળ પ્રાપ્ત થતાં નથી તેમ પારકી સ્ત્રીઓ પાછળ ભમવાથી સંતોષ સાંપડતો નથી.

જેના મૂળ સદ્ધર નથી કે મૂળથી જ સૂકાયેલાં વૃક્ષને જલ-ખાતર સીંચવાનો કોઈ જ અર્થ નથી. એવા-શેઠ-રાજા-સરકાર જેની તિજોરી ખાલી છે લોક અને ઉદ્ધારથી જેના વ્યવહાર ચાલે છે તે તેના કર્મચારી પર કૃપા શી રીતે કરી શકે? જે મન અને હૃદયથી જ કૃપણ છે એની સેવાથી શું ફાયદો ?

આથી જ પુરુષાર્થી લોકો દેશ-વિદેશ જઈ પરિશ્રમ અને પોતાના કૌશલ્યથી કમાણી કરી લે છે - અને જે ગરીબ અને નિર્બળ કે જાતે જ કંજૂસ - લોભી છે તેની સેવામાં સમય વેડફી નાખતા નથી.

### સુવિચાર

- નિયત અને નિયતિને સીધો સંબંધ છે, જેવી નિયત હશે એવી નિયતિ ઘડાશે, નિયત એટલે દાનત, નિયતિ એટલે નસીબ - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- તમે તમારી ભીતર જોઈને નક્કી કરો કે તમે પ્રામાણિક છો? જો જવાબ હા હશે તો તમારે બહાર પ્રામાણિકતા સાબિત કરવાની કંઈ જરૂર નહીં પડે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- 'જીવન' એટલે ઝઝૂમવું, શોધવું, પામવું અને અણનમ રહેવું - **જીવનસૂત્ર**
- આવક પૂરતી ના હોય ત્યારે ખર્ચામાં અને... જાણકારી પૂરતી ના હોય ત્યારે ચર્ચામાં મર્યાદા રાખવી - **જય વસાવડા**
- આજના સંજોગોમાં એક બાબત સમજાય છે કે... જે લોકોએ સંબંધોમાં રોકાણ કર્યું હતું એના નાણાં સચવાઈ ગયા, અને જેણે નાણાંમાં રોકાણ કર્યું છે તેને સંબંધો શોધવા પડે છે - **અખંડ આનંદ**
- મળેલા સમયને યોગ્ય બનાવો સાહેબ, યોગ્ય સમય ગોતવા નીકળ્યા તો જિંદગી ટૂંકી પડશે - **ગૌરાંગ ઠાકર**
- આજનું ઔષધ : જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ પર ચોપડવાથી ખીલ તરત મટી જાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાહિત્ય સર્જન જીવનમાંથી મળતા-થતા અનુભવો પર આધારિત છે એને હંસની જેમ ક્ષીર-નીર અલગ કરી સર્જકે સમાજને આપવાં જોઈએ.

મહાન કવિ વર્ડઝવર્ત ખૂબ અશક્ત બન્યા. જીવલેણ માંદગીમાં સપડાયા. છતાં એમની વાતોમાં કયાંય અજંપો, દર્દ કે અસંતોષ વ્યક્ત નહોતો થતો. એમને ખ્યાલ આવી ગયો હતો કે હવે મારી પાસે આયખુ બહુ નથી. એક સાંજે એમના ખાસ મિત્ર રોબીનસન એમને મળવા આવ્યા. એમને વર્ડસવર્થને પૂછ્યું, 'મિત્ર, આપની આ જીવલેણ માંદગીમાં પણ આપની વાણીમાં કયા કારણથી એક અજબ રણકો વ્યક્ત થઈ રહ્યો છે?'

કવિ વર્ડસ વર્થ જવાબ આપ્યો, 'મિત્ર, આજે મારા આ સંતોષનું રહસ્ય હું આપને જણાવું છું, જુઓ, માણસ જયારે દુનિયાથી સદાય ને માટે વિદાય લે છે ત્યારે એના શબ્દો, એની વાણી એની પાછળ પાછળ જાય છે પણ આ શબ્દો અને વાણી માનવ માટે ભવિષ્યમાં નુકશાન કર્તા બને એવી હોય છે. પણ મારા વિશે એવું નહિં બને એની મને સંપૂર્ણ ખાતરી છે કેમ કે મારા કાવ્યોમાં કોઈ કાવ્ય એવું નથી, કોઈ શબ્દ, કોઈ પંક્તિ એવી નથી કે કોઈ વિચાર કે ભાવ એવા નથી કે જે માનવ માટે અનર્થકારી કે દુઃખદાયક બને, બસ મારા પરમ સંતોષનું આજ સાચું રહસ્ય છે.'

# પ્રથમ મહિલા ડીજીપી પાસે અઢળક અપેક્ષાઓ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત રાજયના નવા પોલીસ વડા તરીકે ટીમતી ગીતા જોહરીની નિમણૂકથી રાજયને પહેલા મહિલા પોલીસ અધ્યક્ષ મળે છે. એમની પાંત્રીસ વર્ષની કારકિર્દી દરમિયાન અનેક ચડાવ-ઉતાર આવ્યા છે. અનેક સાહસિક પગલાં નીડરપણે ભરનારાં ગીતા જોહરીએ હજી ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસિંગ કોર્પોરેશનનો હવાલો પોતાની પાસે રાખેલ હોઈ એમને ડીજીપી તરીકે ચાર્જ જ સોંપાયો હોવાની છાપ ઊભી થઈ છે. જો કે તેનો ડીજીપી રેન્કમાં સૌથી સિનિયર હોઈ રાજય સરકારે તાત્કાલિક એમના નામ પર મહોર મારી વધુ વિવાદથી વેગળા રહેવાનો પ્રયાસ કર્યો હોય એમ પણ બને. નિવૃત્ત ડીજીપી પૃથ્વીપાલ પાંડેયને એક્સ્ટેન્શન આપીને ડીજીપીનો ચાર્જ સોંપાતાં સરજાયેલ વિવાદથી રાજય સરકારને સુપ્રીમ કોર્ટનો ઠપકો સાંભળવો પડ્યો હતો. એ પ્રકરણ વધુ ન ચગે અને રાજય સરકારને પોતાનો કારણે નામોશીભરી પરિસ્થિતિમાં ન મુકાઈ જવું પડે તે બાબત ધ્યાને લઈ પી.પી. પાંડેયે સામે ચાલીને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું તે પછી નવા પોલીસવડાની નિમણૂકનો માર્ગ મોકળો બની ગયો હતો. આ નિમણૂક તત્કાળ કરાવી પડે એમ હોઈ મુખ્યમંત્રીશ્રીએ સૌની સિનિયર આઈપીએસ અધિકારી ઉપરાંત રાજયનાં પ્રથમ મહિલા આઈપીએસ એવા ગીતો જોહરીના નામ પર મહોર મારીને સમયસૂચકતા અને કુનેહનો જ પરિચય આપ્ય છે. ગીતા જોહરીની બાહોશ મહિલા આઈપીએસ તરીકેની પ્રશંસનીય પરાક્રમ ગાથાઓ જાણીતી છે. અમદાવાદના કુખ્યાત ડોન લતીફનાં ઘરમાં હિંમતપૂર્વક પ્રવેશ કરી એના શાર્ટશૂટરને ઝબ્બે કરનારાં ગીતા જોહરીએ સોહરાબુદ્દીન - કૌસરબી એન્કાઉન્ટર કેસને બનાવટી સાબિત કરીને એમના જ વિભાગના પોલીસ અધિકારીઓને સકંજામાં લીધા હતા. ડી.જી. વણઝારા સહિત કેટલાક વરિષ્ઠ પોલીસ અધિકારીઓની આખી કારકિર્દી પર પ્રતિકુળ અસર પાડનારી ગીતા જોહરીની તપાસ એમને બાહોશ અને નીડર તથા નિષ્પક્ષ પોલીસ ઓફિસર તરીકે પ્રસ્થાપિત કરવા પૂરતી ગણાત. પરંતુ પાછળથી તુલસી પ્રજાપતિ કેસની તપાસમાં ગીતા જોહરી સામે પણ શંકાની સોય તકાઈ હતી. પોલીસ સર્વિસમાં આવા ચડાવ ઉતાર ન આવે તો જ નવાઈ. પોતાની સામેના તમામ આરોપોમાંથી ક્લીનચીટ મેળવી શક્યાં તે એમની ક્ષમતાનો પુરાવો છે. રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યાં છે ત્યારે મહિલા પોલીસ અધિકારીને ડીજીપી જેવી સર્વોચ્ચ પદ-નવાજેશના મહિલા જગતમાં પણ સાનુકૂળ પડઘા પડશે. પદ સંભાળતાની સાથે જ ગીતા જોહરીએ કોઈ પણ પીડિત મહિલા પોતાને કોઈ પણ સમયે સીધેસીધી મળી શકશે એવી હૈયાધારણ આપીને સારી છાપ ઊભી કરી છે. વળી એમની અનેક પડકારો વચ્ચે પણ અડીખમ રહી પોતાનું વજૂદ અકબંધ રાખવાની શ્રમતાને કારણે તેઓ ગુજરાત રાજયના ડીજીપીના હોદ્દાને દીપાવી શકશે, એવી અપેક્ષા પણ અસ્થાને નથી. દેશનાં પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી કિરણ બેદીને અનેક ધમપછાડા છતાં દિલ્હીના પોલીસ કમિશનર પદની નવાજેશ નહોતી કરાઈ. તેઓ દિલ્હી પોલીસનાં સર્વોચ્ચ આઈપીએસ ઑફિસર હોવાથી એ પદ માટેની એમની માગણી વાજબી હતી, છતાં દિલ્હીનું રાજકારણ એમને નડ્યું હતું. એથી ઊલટું ગીતા જોહરીને કોઈ પણ જાતના લોબીઈંગ વગર ગુજરાતનું ડીજીપી પદ પ્રાપ્ત થયું છે તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી જ.

# ચૈત્રમાં લીમડો : લીમડા વિષે અમુક અજાણી વાતો





**પહેલું સુખ તે જાતે નર્યા**

ડો. કેદાર ઉપાધ્યાય

ચૈત્ર માસ ચાલી રહ્યો છે. વસંતઋતુમાંથી આપણે ગ્રિષ્મઋતુ તરફ ગતિ કરી રહ્યા છીએ. ગરમી પડવી શરૂ થઈ ગઈ છે. એસી, કૂલર,શર્બત, છાશ, આઈસક્રીમ, ખાખટી (કાચી કેરી) જેવી વસ્તુઓનો વપરાશ શરૂ થઈ ગયો છે. ચૈત્ર માસમાં આરોગ્ય વિષયક કાળજી પણ સવિશેષ લેવાતી હોય છે. જેમકે ચૈત્રમાં લીમડાનું સેવન. આપણે બધા લીમડા વિષે કૈક ને કૈક જાણીએ છીએ. ભરઉનાળે ઘેઘૂર લીમડાની છાયામાં આરામ કરવો એ જીવનનો લ્હાવો છે. ભલભલા શ્રીમંતોને પણ આવો લ્હાવો મળતો નથી. આપણી શહેરી લાઈફસ્ટાઈલમાં લીમડાનું સ્થાન હાંસીયા તરફ ધકેલાઈ ગયું હોય તેમ લાગે છે, આવા સમયે લીમડા વિષે થોડી એવી વાતો જાણીએ કે જેનાથી લીમડા પ્રત્યેનો પોતિકોભાવ ફરી જાગી શકે.

- લીમડાનું આખુય વૃક્ષ એક ઔષધિ છે. સામાન્ય રીતે કોઈ વૃક્ષનો અમુક ભાગ, જેમકે મૂળ કે ફળ કે પાન ઔષધીય ઉપયોગમાં લેવાતા હોય છે જ્યારે લીમડો સમગ્રતયા ઔષધી છે. લીમડાના મૂળ, પાન, ફળ, ફૂલ, ઠળીયા, છાલ આદિ દરેક ભાગ અલગ અલગ રીતે ઔષધીય ઉપયોગમાં લેવામાં આવે છે.

- લીમડાના પાનમાં ક્વર્સેટીન, નિમ્બોસ્ટેરોલ અને લીમોનોઈડ નામના તત્વો હોય છે. ક્વર્સેટીન જીવાણુંનાશક અને ફૂગનાશક છે. ક્વર્સેટીનના આ ગુણધર્મોને લીધે જ લીમડાના પાન ઘા રૂઝવવા અને સ્કેબીઝ જેવા રોગોમાં લગાવવામાં અસરકારક છે. લીમોનોઈડ માખી અને મચ્છરને દૂર કરવા માટે જવાબદાર છે. લીમડાના પાનનો ધૂમાડો કરવાથી આ લીમોનોઈડ ઘટકો અને લીમડામાં રહેલ તૈલી દ્રવ્યો વાતાવરણમાં છૂટા પડે છે અને તેનાથી માખી મચ્છર ભાગે છે.

- લીમડાના બીજમાં 'એઝાડીરીક્ટીન' નામનું પેસ્ટીસાઈડ હોય છે. આ પેસ્ટીસાઈડ ૩૦૦ થી વધુ જાતના જીવાણુઓનો નાશ કરવા સક્ષમ છે. તેમજ તેની માણસો પર કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી. ઓર્ગેનીક પેસ્ટીસાઈડ તરીકે હાલ 'નીમ પેસ્ટીસાઈડ' માર્કેટમાં મળે છે.

- આપણા શાસ્ત્રોમાં તો લીમડાને 'સર્વરોગ નિવારક' કહ્યું જ છે, આફ્રીકામાં પણ લીમડાને 'મહોર્બની' કહે છે. મહોર્બની એટલે નાના-મોટા ૪૦ રોગોનો નાશ કરનાર - લીમડો પોતાની આસપાસની હવાને શુધ્ધ કરે છે અને તેને થોડેઘણે અંશે જંતુમુક્ત પણ કરે છે. જો કે લીમડો રાત્રે પણ ઓક્સીજન છોડે છે એ વાત પાયા વિહોણી છે - લીમડાના હેલ્થ બેનીફીટ વિષે તો અગાઉ પણ લખાઈ ગયેલું છે એટ્લે અત્યારે તેનો વિસ્તાર નથી કરવો પણ ટુંકમાં કહું તો ચામડીના રોગો, લોહી બગાડ, શરદી-તાવ, તૂટ-કળતર, એલર્જી, ઈંફેક્શન, લીવરના રોગો, મૂત્રમાર્ગના રોગો, વાળના રોગો, ઘા-ઘસરકો આદિ કેટલાય રોગોમાં લીમડો અને તેમાથી બનતી ઔષધીઓ જેવીકે પંચનીમ્બ ચૂર્ણ કે લીંબોળીનું તેલ આદિ ફાયદાકારક છે.

સ્વસ્થ રહેવા માટે પોતાના શરીરની પ્રકૃતિને સમજીને લીમડાનો યોગ્ય માત્રામાં વિવેકપૂર્વક નિત્ય ઉપયોગ કરી શકાય અને તેની શરૂઆત ચૈત્ર મહિનાથી થાય એથી રૂડું શું હોઈ શકે!! -

contact@atharvaayu.com

# રામ વગરની રામાયણ છે!



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

આ કેવું ? દિવાળી આવે એટલે દીવાઓ વિશે લખવાનું, હોળી આવે ત્યારે રંગોની વાતો લખવાની, ઉત્તરાયણ આવે ત્યારે શબ્દોના પતંગ ચગાવવાના, રાષ્ટ્રીય તહેવારો આવ્યે ત્યારે દેશપ્રેમની વાતો કરવાની, ગાંધીજયંતીના ટાંકણે વળી સત્ય અને અહિંસાની પૂણીઓ કાંતવાની, નવરાત્રીમાં 'રે લોલ રે લોલ !' કરતા ગરબા ઘુમવાના, ઉનાળામાં તડકાની વાતો કરવાની, શિયાળામાં તાપણાં સળગાવવાના અને ચોમાસામાં બે-ચાર ટીપાં માંડ આકાશથી હેઠાં આવ્યા હોય ત્યાં તો 'આવ રે વરસાદ, ઢેબરીયો પરસાદ' લલકારવા માંડવાનું, આપણા દેશમાં તહેવારોનો કોઈ પાર નથી. જયારે કોઈ વાર-તહેવાર પ્રજાના હાથમાં ના હોય ત્યારે રાજકારણીઓ અવનવી વાતો ચગાવીને હવામાં કોઈ નવા પ્રકારનો આવેગ પેદા કરી દે છે.

આમ તો હું રામ વિષે લખવા બેઠો છું. બે દિવસ પહેલા રામનવમી ગઈ. કેટલાય મહિનાથી હનુમાનજી વિશે લખવું છે. મંગળમૂર્તિ રૂપ નિહાળી મનમાં કૈં કેટલાય વિચારો આવ્યા છે. પણ અત્યારે આપણે રામની વાત શરુ કરી છે. જો કે રામની કથા શરૂ થાય એટલે, લખમણ આવે, સીતાજી આવે અને હનુમાનજી તો આવે જ આવે. રાવણને માર્યા વગર રામનું અપ્રતિમ શૌર્ય કેવી રીતે પ્રકટાવી શકાય ? એટલે રામની સામે રાવણ આવ્યા વગર રહે નહીં. આ બધા પાત્રો વિશે, અયોધ્યા - લંકા-મિથિલા. વિશે કેટકેટલું લખાયું છે અને હજીયે કેટલાય વરસો સુધી લખાતું રહેશે. ફરી ફરીને પ્રશ્ન થાય છે શું લખું? એનું એ જ 'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો'વાળું. વાચકોને મજા કરાવનારું લખાણ કે પછી પેલી જૂની અને જાણીતી સંસ્કાર બોધની ટીકડીઓ ગળાવવાની ?

રામ સત્યયુગના હીરો છે. પારવાર ચમત્કારો કર્યા છે. આજના માણસના મગજમાં કદી ના ઉતરી શકે તેવા અકલ્પનીય ચમત્કારો કર્યા છે. આજના યુગમાં કોઈ વ્યક્તિની આવી સિદ્ધિઓ કહેવામાં આવે તો આપણે તુરંત જ કહી બેસવાના 'આવું તે કદી હોતું હશે ?' અથવા 'હોય ના' એવું જરૂર બોલી પડવાના. આ કોલમ લખવાની શરુ કરી તેના ત્રણ વરસ પહેલાં મેં એક ગરબડ જોડકણા જેવી કવિતા રચી હતી તે રજૂ કરવાની ધૃષ્ટતા આચરું છું! આપણા માન્યામાં ના આવે તેવી કેટલીય બાબતો રામે પાર પાડી હતી. પછી ભલે એ ચમત્કાર હોય કે ના હોય ? ન કરી માનવ સંવેદનાની વાત હોય તો યે આપણે તો કહેવાના, 'ના હોય?'

રામના નામે બધા પથરા તર્યા'તા, હોય ના!
સોનાની લંકામાં કાગે વાસ કર્યા'તા હોય ના!
રામના ચરણોને ઝંખે એક શીલા નારની,
પ્રાણ પથ્થરમાં પૂર્યાતા, હોય ના, હોય ના!
માત સીતાની રક્ષા કરતાં પંખી એક ઘવાયું,
પુત્તર થઈને પંખીને પણ દાહ દીધા'તા, હો ના!
દસ માથાળો રાવણ જગમાં કરતો હાહાકાર,
દશહરાના દહાડે એના ઢીમ ઢર્યા'તા હોય ના!
હોડીમાં બેસીને જયારે પાર ગંગાને કરી,
કેવટની ઈચ્છાને ધોવા પાય ધર્યા'તા હોય ના!
'સીતે સીતે'ના ચિત્કારો હજુ ગુંજે છે વનવગડે,
આંખ મહીં અશ્રુના સારા બંધ તૂટ્યા'તા, હોય ના!

શરુઆતમાં મેં કહ્યું કે રામની વાત કરીએ તો લક્ષ્મણ, સીતા અને હનુમાનનો ઉલ્લેખ તો આવે જ આવે. પણ ઉપરના કાવ્યમાં, છેલ્લે સીતાની અછડતી વાત થઈ છે તે સિવાય એમની ચર્ચા થઈ નથી. અહલ્યા, જટાયુ, લંકા, રાવણ એની વાતો થઈ છે. આવી રીતે એકલા અને એકલા રામની જ વાતો કરીએ તોય એક મોટી રામાયણ રચાઈ જાય. કારણ કે સુગ્રીમ - અંગદ - વાલી, વિભિષણ, કુંભકર્ણ, અહિરાવણ, નિષાદ, મારીચ-સુબાયુ એ બધા પણ રામ સાથે સંકળાયેલા છે. કોઈ એવું કરી શકે કે રામ વગરની રામાયણની પણ લખે. જેમાં રામ પરોક્ષ રીતે આવતા રહે પણ પ્રત્યક્ષ એકેવાર દેખાય નહીં. કોઈ આજના યુગનું વાતાવરણ ભેળવીને નવી રામકથા પણ લખવા બેસી જાય. આ બધું થઈ શકે. કશું અશક્ય નથી. પણ કયારે ? કોઈ ક્રૌંચ યુગલના શિકારથી હૃદય પાટી પડે ત્યારે! એ ઋષિવર વાલ્મિકીનું હૃદય આ મડદાલ પાંસળીઓ નીચે લાવવું કયાંથી? હા, દુલા ભાગ જેવો કવિ રામને પણ પડકારી શકે! 'રામ તમે સીતાજીની તોલેના આવો.'

આપણને સતયુગમાંથી કળિયુગમાં આવતાં કયાં વાર લાગે છે? લ્યો, આવી ગયા! તો ચાલો આપણે આજના જમાનાની થોડીક વાત કરી લઈએ. સરદાર સરોવર બંધમાં સરદારની પ્રતિભા ખડી કરવાની છે. તે કયારે પૂરી થશે એના કોઈ એંધાણ નથી. મુંબીના દરિયામાં શિવાજીનું સ્થાપત્ય રચાવાનું નક્કી થયું છે. આ લોકો પાછા માયાવતીના હાથીની ટીકા કરતાં એક જમાનામાં સહેજે અચકાતા ન હતા. બધા રાજકારણીય પ્રપંચ છે. હવે અયોધ્યામાં રામના મંદિરના નિર્માણની વાતો ચગવા માંડી છે. વર્ષો પહેલાં રામશીલાને નામે જે પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી એનું શું થયું તે કોઈ જાણતું નથી.

મિત્રકવિ જિતેન્દ્ર કા. વ્યાસના કાવ્યસંગ્રહ 'ફૂલની ચરી' વાંચતા વાંચતા એક ગઝલ પાસે અટકી જવાયું ! આમ તો આ કાવ્યસંગ્રહના અસંખ્ય કાવ્યો તમને જકડી દે તેવા છે.સમાજની વેદના પોતાના હૃદયમાં ઘૂંટીને જયારે તેઓ કાવ્ય લખે છે ત્યારે તેના શબ્દો આપણા હૃદયમાં પણ મૂંગી ચીસ પડાવી દે છે. સમગ્ર કાવ્યસંગ્રહ વિશે આપણે કયારેક અલગથી વાત કરીશું. અહીં, અત્યારે તો આપણે એમની એક ગઝલ સાંભળીએ.


એ જ પીડા છે...

એ જ પીડા છે, પારાયણ છે,
મહાભારત છે, રામાયણ છે.
'બચના એઈ હસીનો' આવ્યો
'પ.પૂ.ધ.ધૂ.' રૂપમાં રાવણ છે.
અવધૂતને પણ જે ઓગાળે
દ્રવ્ય અહીં એક દ્રાવણ છે.
માનવ ઓછા, પાર વિનાના
અયદાનવ છે, અહિરાવણ છે,
જણનારામાં જોર બલે ના,
દોષપાત્ર કેવળ દાયણ છે.
નિજ સંતાનોને આરોગે -
એ ય રૂપ મા-નું સાપણ છે.
મૌન ધરીને માણો માતમ
દુનિયા નજરે એ ડહાપણ છે.
કહો, કોણ કોને દે આશ્રય?
નોંધારા નર-નારાયણ છે.

- જિતેન્દ્ર કા. વ્યાસ

વ્યાસભાઈએ આ ગઝલ ખબર નહીં કેટલા વર્ષો પહેલાં લખી હશે? પ્રવર્તમાન બનાવોમાં એ કેટલી બંધબેસતી છે? આને જ કહેવાય, કવિનો શબ્દ.

# ચાલો, નભ જેમ ખુલ્લા થઈને એકમેકને મળીએ



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

ચાલો, નભ જેમ ખુલ્લા થઈને એકમેકને મળીયે,
નાની નાની વાતમાં ચાલે રોજ ભલે મતભેદ,
ગેરસમજણ થતી રહે, પણ ના થાય કદી મનભેદ.
આજ પરોઢી સપના માફક એકબીજાને ફળીએ.
જીવન છે પરપોટા જેવું, શ્વાસ મળ્યા છે પાંખા,
દશ્ય અદ્રશ્યના ભેદ અગમ સ્પષ્ટ મળે કે ઝાંખા,
નદી ઝરણાના જળની માફક સ્નેહપ્રેમે ખળભળીએ.
ચાલો, નભ જેમ ખુલ્લા થઈને એકમેકને મળીએ.

'અમુક પારકા એવા મળ્યા જે પોતાનાં થઈ ગયાં અને અમુક પોતાનાં, પારકાંનો અર્થ સમજાવી ગયાં!' – આ કડવા વાસ્તવને હોંશે હોંશે 'ફોરવર્ડ' કરતા રહીએ છીએ. મને ઘણીવાર એવું થયા કરે કે આવું કેમ? કારણો ગમે તે હોય.... સાચે જ આપણે બધા પોતાનાય રહ્યા નથી. ખોટા ખ્યાલોના રમણે ચડી હાંફતા હાંફતા જીવીએ છીએ.

પોતાની આસપાસના ટચૂકડા વિશ્વના સરતાજ બનવાના અભરખા સૌ કોઈને હોય જ. બીજા કરતાં વેંત ઊંચા' – 'મુઠી ઊંચેરા' બનવા મથવું જ જોઈએ. પોતાની લીટી ભલે ને મોટી કરીએ પ....ણ... બીજાની લીટી ભૂંસી મોટાઈ સિદ્ધ કરવા મથીએ એ તો મહાપાપ ગણાય..... માનવ્યનું અધઃપતન કહેવાય.

આપણા વેદો શીખવે છે, ''એકલા નહીં સૌ સાથે આગળ વધીએ. ''આપણી માનવ સભ્યતા આવા સમાનધર્મી રૂડા-ઉમદા વિચારથી ઉજળી છે પરંતુ કમનસીબી એ છે કે આ સવાયા સત્યને ભૂલી આપણે આંગળી પકડવાને બદલે પગ ખેંચવામાં પડ્યા છીએ. માનવજાત મળેલા 'જન્મ' કે 'જીવતર' નો અર્થ હજું સમજી શકી નથી.

દોસ્તો, સારપના સથવારે જીવતર ઉજળું છે. વ્યક્તિના સારપણાને જ સન્માન મળતું હોય છે. સારપની જ કદર થતી હોય છે. સારપ જ પદ ને પ્રતિષ્ઠાની સાચી અધિકારીણી છે. આ સર્વવિદિત સત્ય છે. સારાનો નિમિત્ત બનનાર જ શાણો ને સભ્ય ગણાય. સાચુકલો માણસ કહેવાય. જેના અંતરંગમાં સારપ છવાયેલી હોય એવા પ્રેમોજ્જવલ વ્યક્તિત્વ જ વંદનીય....પૂજનીય હોય!

આવું સારાપણાનું ઘેલું સૌ કોઈને લાગે તો કેવું?! સારપને સાચાપણાથી છવાયેલા ભર્યાભાદર્યા વ્યક્તિત્વ ઘેઘૂર વડલાની જેમ સૌ કોઈને ટાઢક આપે... આવા સો ટચના સાચુકલા વ્યક્તિત્વને ભગવદીય માનું છું.... મારે મન સારપભર્યો સાચુકલો ચહેરો જ ભગવાનનો ચહેરો છે. સો વાતની એક વાત માનવજીવનનું સાર્થક્ય સારપના રળતરમાં રહેલું છે. સમજી શકાય એવું છે, ભલાઈમાં ભળવા બુરાઈથી બચવું જોઈએ. ઉઘાડી આંખે જીવતા શીખીએ. પ્રતિક્ષણ સારાસારનો વિવેક કેળવીએ. સતર્કને જાગ્રત વ્યક્તિ જ સઘળું પામી શકે... પોતાની જાતને સર્વશ્રેષ્ઠ સિદ્ધ કરી શકે.

આજનો માણસ ઓળખાતો નથી... 'માણસ ખોવાયો છે...' આ નગ્ન સત્ય સૌ કોઈને અનુભવે સમજાય છે. અવળે પાટે ચડેલા માનવ્યને કોણ પાછું વળશે?!

દોસ્તો, જાત અનુભવે કહું છું. માણસ પારખવામાં હજુયે ઉણો ને અધૂરો જ છું... મનમાં પ્રશ્ન જાગે છે...'માણસને પારખવો પડે?' 'માણસ એટલે માણસ ન હોય?' માનવીમાં હજુયે માનવપણું મ્હોર્યું નથી... પરિણામે છેતરાયા – ને લૂંટાયા કરીએ છીએ.

દોસ્તો, જીવનમાં હંમેશા સાચો રસ્તો પસંદ કરજો. ગમે તેવા વિકટ સંજોગો ઉભા થાય છતાં ધીરજ ધરી સાચા માર્ગે જ આગળ વધજો. સાચું જ કરવા કટિબદ્ધ બનજો. ક્યારેક ધર્મસંકટ આવી પડે ત્યારે નૈતિકતાના બારામાં ખરા ઉતારજો... કદાચ મન ડગી જાય ને shrotcut સૂઝે ત્યારે ઘડીભર થોભી જજો... આવા વિષમ સંજોગોમાં તમે જે નક્કી કરશો – નિર્ણય લેશો એના પર જ તમારું ભવિષ્ય રહેલું છે.

જીવન એક પુષ્પ છે. સૌની પ્રસન્નતા માટે ખીલવાનું છે. જીવનનું આખરી ધ્યેય આનંદ છે. આનંદ એ સહિયારી સમાનુભૂતિ છે. બીજાને એનો ચેપ લગાડો તો જ માણી શકાય. મનુષ્યાવતાર સહિયારો મેળો છે, એથી વિશેષ તો એક ઉત્સવ છે. ઉત્સવ ઉજવવો અને માણસ માણવો એ પોતીકા કૌવતની કસોટી છે. મિત્રો, શબ્દકોશમાં બીજા બધા શબ્દોના અર્થ મળી શકે પરંતુ જીવનનો અર્થ જીવન જીવીને અને સંબંધનો અર્થ સંબંધ નિભાવીને જ શોધવો પડે છે.

***સ્પર્શમણિ***

- જીવનમાં મુશ્કેલીઓ તો અનેક હોય છે પરંતુ તે દરેકનો એક રસ્તો હોય છે. અને એ રસ્તો એને જ મળતો હોય છે કે જેનો ચહેરો સદાય હસતો હોય છે.
- ફૂલ કહે છે મારી જેમ જીંદગીમાં હસતા રહો,
  વાદળી કહે છે મારી જેમ વરસતા રહો ,
  ભમરો કહે છે સુખ અને દુઃખમાં સદા ગીત ગાયા કરો,
  ઘડિયાળ કહે છે કે સમય ચૂકશો તો કિંમત ઘટી જશે,
  સૂર્ય કહે છે કે અતિ ઉગ્ર બનશો તો કોઈ સામે નહિ જુએ.

- Rasikvaland1965@gmail.com